નશામાં પકડાયેલા યુવકનું પોલીસ લોકઅપમાં મોત

પાંડેસરા પોલીસ મેડિકલ ચેકઅપ માટે લઈ જવાની તૈયારી કરતી હતી, એ વેળા જ યુવક ઢળી પડ્યો

મૃતક રણજીતને ફેંફસાની બીમારી હોવાનો અંદાજ

સુરત : નવી સિવિલ હોસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હતું કે, મૃતક રણજીતના મૃતદેહનું નવી સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક વિભાગના ડોક્ટર દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટના પ્રાથમિક કારણમાં મૃતક રણજીતને ફેફસાની બીમારી હતી. તેમજ તેના મૃતદેહ પરથી કોઈ પણ ઇજાના નિશાનો પણ મળી આવ્યા ન હતા. CCTV ફૂટેજમાં તે અચાનક નીચે ઢળી પડતો હોવાનું દેખાઈ આવે છે. તેમજ પરિવારજનો તેને 1લી તારીખે જ વતનથી સુરત લઈને આવ્યા હોવાનું જણાવ્યું હતું. તેઓએ રણજીતના મોત સામે કોઈપણ આક્ષેપ કર્યા ન હતા. જોકે રણજીતના મૃતદેહના વિવિધ સેમ્પલો લઈને FSL માટે મોકલી આપવામાં આવ્યા છે.

સુરતઃ પાંડેસરા પોલીસ મથકની કસ્ટડીમાં ગત મોડી રાત્રે દારૂ પીધેલી હાલતમાં અટકાયત કરાયેલા ૨૨ વર્ષીય પરપ્રાંતીય યુવકનું લોકઅપમાં અચાનક ખેંચ અને ચક્કર આવ્યા બાદ બેભાન થઈ જતાં સારવાર મળે તે પહેલાં જ મોત નીપજ્યું હતું. પોલીસ કસ્ટડીમાં યુવકના મોતના પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પાંડેસરા પોલીસ સ્ટેશને દોડી ગયો હતો. સમગ્ર મામલો કસ્ટોડિયલ ડેથનો હોવાથી નિયમ મુજબ પેનલ ડોક્ટર દ્વારા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, પાંડેસરા પોલીસનો સ્ટાફ ગતરોજ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન દારૂ પીધેલી હાલતમાં એક યુવકની અટકાયત કરવામાં આવી હતી.

શરૂઆતમાં પૂછપરછ દરમિયાન તેણે પોતાનું નામ રણજીત શેખર પટેલ જણાવ્યું હતું, પરંતુ ઝીણવટભરી તપાસમાં તેનું સાચું નામ રણજીત ચંદ્રશેખર ગીરી (ઉં.વ. ૨૨) હોવાનું બહાર આવ્યું હતું. મૂળ ઉત્તર પ્રદેશનો વતની રણજીત પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં આર.ઓ. વોટર બોટલના ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો. ગઈકાલે સાંજે પંચનામું પૂરું થયા બાદ, રાત્રે ૭:૦૦ વાગ્યે તેની પ્રોહિબિશન એક્ટ હેઠળ વિધિવત ધરપકડ કરાઈ હતી. ત્યારબાદ રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યે તેને મેડિકલ તપાસ માટે સિવિલ હોસ્પિટલ લઈ જવાની તૈયારીઓ ચાલી રહી હતી, ત્યારે લોકઅપમાંથી બહાર નીકળતા સમયે તે બૂમો પાડવા લાગ્યો હતો અને અચાનક ચક્કર ખાઈને બેભાન થઈ ઢળી પડ્યો હતો.

લોકઅપ પાસે યુવક ઢળી પડતાં જ સાથી આરોપીઓ CPR આપ્યો પણ કંઈ ફરક ન પડયો હતો. ઘટનાની જાણ થતા ફરજ પરના PSO સહિતના પોલીસ કર્મચારીઓમાં દોડી આવ્યા હતા.

પોલીસ કર્મચારીઓએ પણ તાત્કાલિક તેને સીપીઆર (CPR) આપી બચાવવાનો પ્રયત્ન કર્યો હતો અને ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કર્યો હતો. ૧૦૮ની ટીમે આવીને પ્રાથમિક સારવાર આપી હતી, પરંતુ તેની સ્થિતિમાં કોઈ સુધારો ન જણાતા તેને એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ રાત્રે ૧:૧૫ વાગ્યે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે એસીપી ઝેડ. આર. દેસાઈએ જણાવ્યું હતું કે, સમગ્ર ઘટના સંદર્ભે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

આ ઘટના અંગે પોલીસે મૃતકના પરિવારજનોને રાત્રે જ જાણ કરી દીધી હતી. મૃતકના કાકા નારાયણ ગિરીએ જણાવ્યું હતું કે, 'પોલીસે અમને એક વિડીયો પણ બતાવ્યો છે જેમાં રણજીતને ચક્કર આવ્યા હોય અને તે તરફડિયા મારતો હોય તેમ દેખાય છે. મૃતદેહ જોતા પ્રથમ દ્રષ્ટિએ કોઈ મારપીટ થઈ હોય તેવું લાગતું નથી. પ્રાથમિક દ્રષ્ટિએ આ મોત ખેંચની બીમારીના કારણે થયું હોવાનું જણાય છે, પીએમ રિપોર્ટમાં પણ કોઈ ઈજાઓ હોવાનું બહાર આવ્યું નથી. તેની કિડની હૃદય અને કેટલાક શરીરના અવશેષ FSL માં મોકલવામાં આવ્યું છે જેને કારણે મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે.

ત્રણ મહિનાથી પગાર ન મળતાં શિક્ષકો પર સંકટ

શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય અને તેમની કાર્યક્ષમતા પર નકારાત્મક અસર

સુરત મહાનગર પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘની રજૂઆત

સુરતઃ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત વિવિધ શાળાઓમાં જ્ઞાન સહાયક યોજના અંતર્ગત કરાર આધારિત ફરજ બજાવતા શિક્ષકોને છેલ્લા ત્રણ મહિનાથી માનદવેતન (પગાર) ન ચૂકવાયો હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ-સુરત મહાનગર દ્વારા શાસનાધિકારીને લેખિત પત્ર પાઠવી આ અંગે ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. મહાસંઘના પ્રમુખ કિરીટકુમાર પી.પટેલ અને મહામંત્રી જીજ્ઞેશકુમાર આર.ઠાકર દ્વારા જણાવાયું છે કે, આ શિક્ષકો ખૂબ જ નિષ્ઠાપૂર્વક પોતાની શૈક્ષણિક ફરજો બજાવી રહ્યા છે, પરંતુ સમયસર વેતન ન મળવાને કારણે તેઓ અત્યારે ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

મોંઘવારીના આ સમયમાં સતત ત્રણ મહિના સુધી પગાર ન મળવાને લીધે જ્ઞાન સહાયક શિક્ષકોને ઘરભાડું, લોનના હપ્તા તેમજ રોજિંદા જીવનનિર્વાહનો ખર્ચ કાઢવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે, જેના કારણે કેટલાક શિક્ષકો હવે નોકરી છોડવાની પણ વાતો કરી રહ્યા છે. આ પરિસ્થિતિ શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય અને તેમની કાર્યક્ષમતા પર નકારાત્મક અસર પાડી રહી છે.

રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘે તંત્રને અભિગમ અપનાવી અગ્રતાના ધોરણે વહીવટી પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરવા અને જ્ઞાન સહાયકોના છેલ્લા ત્રણ મહિનાના બાકી પગાર તાકીદે છૂટા કરવા માટે હકારાત્મક નિર્ણય લેવા ભારપૂર્વક વિનંતી કરી છે.

પરવટ પાટિયાના સાડીના વેપારીએ કામરેજના ગેસ્ટ હાઉસમાં ઝેર પી લીધું

સુરતઃ પરવટ પાટિયાના સાડીના વેપારીએ કામરેજના ગેસ્ટ હાઉસમાં ઝેર પીને જીવન ટૂંકાવી દીધું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના વતની મહેન્દ્રભાઈ જગદીશભાઈ જૈન (40 વર્ષ) હાલમાં પરવટપાટિયા વિસ્તારમાં આવેલ સોનલ રેસીડેન્સીમાં રહેત હતાં અને જથ્થાબંધ સાડીનો વેપાર કરતાં હતાં. રવિવારે બપોરે તેમણે કામરેજ ચાર રસ્તા પાસે આવેલા એક ગેસ્ટહાઉસમાં જઈને ઝેર પી લીધું હતું. તેમને ઉલટીઓ થવા લાગતાં ગેસ્ટહાઉસના કર્મચારીઓએ તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. ત્યાં તેમના પરિવારને જાણ કરવામાં આવી હતી જેથી તેઓ તેમને અન્ય હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં તેમને સારવાર દરમિયાન મોત થયું હતું.

'યે જલવા, યે જલવા, ફેશન કા હૈ યે જલવા'...

■ દેશના ટેક્સટાઇલ હબ ગણાતા સુરતમાં હવે ફેશન ડિઝાઇનર પણ મોટી સંખ્યામાં તૈયાર થઇ રહ્યાં છે. મંગળવારે એક સંસ્થાના ડિઝાઇનરોએ તૈયાર કરેલા વસ્ત્રો પહેરીને મોડેલે રેમ્પવોક કર્યું હતું.

SMCનો લાંચિયો ક્લાર્ક જેલમાં ધકેલાયો

ACBએ ક્લાર્કના ઘરે અને ઓફિસે સર્ચ કર્યું પણ કંઈ હાથ ન લાગ્યું

સુરતઃ ACB ના હાથે લાંચ લેતાં પકડાયેલો સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોનના આકારણી વિભાગમાં વર્ગ-૩નો ક્લાર્કને આજે કોર્ટમાં રજૂ કરાયો હતો. કોર્ટમાં પોલીસે રિમાન્ડ માંગતા કોર્ટે ક્લાર્કના રિમાન્ડ ના મંજૂર કરી લાજપોર જેલ ખાતે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધો હતો. એસીબીએ આજે સવારે ક્લાર્કના ઘરે અને ઓફિસમાં સર્ચ હાથ ધર્યું પણ કઈ હાથ લાગ્યું ન હતું.

મળતી વિગતો મુજબ જાગૃત નાગરિકના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર એક રૂમ આવેલો છે, જેમાં સાડીનો સામાન મુકવામાં આવ્યો હતો. વરાછા ઝોનના આકારણી વિભાગના ક્લાર્ક રાકેશકુમાર શ્રીમાળીએ આ રૂમની તપાસ કરીને તેને કોમર્શિયલ ગોડાઉન તરીકે દર્શાવી દીધું હતું. અને 3500ની લાંચ માંગી હતી.

સુલતાનાબાદના યુવકે સ્મશાનભૂમિમાં ફાંસો ખાઈ લીધો

સુરતઃ સુલતાનાબાદના યુવકે સ્મશાન ભૂમિના એંગલ સાથે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, ડુમસ સુલતાનાબાદ ખાતે આવેલ નવી કોલોનીમાં રહેતો 29 વર્ષીય પુત્ર કૃણાલ પીપલોદ ખાતે કારના સર્વિસ સેન્ટરમાં કાર વોશિંગનું કામ કરતો હતો. મંગળવારે બપોરે કૃણાલ ઘરમાં મોબાઈલ ફોન મૂકીને કોઈને કહ્યા વગર નીકળી ગયો હતો. તે પરત નહીં આવતા ડુમસ પોલીસમાં તેના મિસિંગની જાણ કરવામાં આવી હતી. દરમિયાન બુધવારે વહેલી સવારે 6 વાગ્યાના સુમારે કૃણાલના ઘરની 500 મીટર દૂર આવેલ સ્મશાન ભૂમિના લોખંડના શેડ સાથે નાયલોન દોરી બાંધીને ફાંસો ખાધેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

લંકા વિજય હનુમાન મંદિરના મહંતની ઝોળી ચોરાઈ

મંદિરના સીસીટીવી કેમેરામાં કેદ થયા ચોરીનાં લાઈવ દૃશ્યો, અમરોલી પોલીસ દોડતી થઈ

સુરતઃ સુરતના અમરોલી વિસ્તારમાં આવેલા પ્રખ્યાત લંકાવિજય હનુમાન મંદિરમાંથી ચોરે મહંતના આસન પાસેથી જ પવિત્ર ઝોળી ચોરી લીધી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક ભક્તો અને શ્રદ્ધાળુઓમાં ભારે રોષ અને ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. ઘટના અંગે અમરોલી પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાતા સાયબર અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો તપાસમાં જોડાઈ છે.

અમરોલીના સંકલ્પ એપાર્ટમેન્ટમાં રહેતા નિવૃત્ત જીણાભાઈ જેરામભાઈ બોરડાએ આ મામલે અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગત તા.૫ જૂને સવારે જીણાભાઈ લંકાવિજય હનુમાન મંદિરે દર્શનાર્થે ત્યારે ૧૨ વાગ્યાના સુમારે મંદિરના પૂજનીય મહંત સીતારામદાસ બાપુએ પોતાના આસન પાસે મૂકેલી પવિત્ર ઝોળી અંગે પૂછપરછ કરી હતી. જો કે, આસન આસપાસ ઝોળી ક્યાંય ન દેખાતા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા. સીસીટીવીમાં એક અજાણ્યો ભેજાબાજ શખ્સ મહંતના આસન પાસે ખૂબ જ ચાલાકીપૂર્વક સરકીને ઝોળી ચોરી જતો સ્પષ્ટપણે કેદ થયો હતો. મહંત સીતારામદાસ બાપુના જણાવ્યા અનુસાર, આ પવિત્ર ઝોળીમાં ધાર્મિક કાર્યો અને મંદિરની વ્યવસ્થા માટે રાખેલા આશરે ૧૫,૦૦૦ રૂપિયાની રોકડ રકમ પણ હતી.

કૂટણખાનામાં પણ બાળકો પાસે મજૂરી કરાવાતી હતી

પાંડેસરામાં ચાલતા કુટણખાના પર AHTUનો દરોડા

3 મહિલાને મુક્ત કરાવી બે સગીરનું રેસ્ક્યુ

સુરત : પાંડેસરા હાઉસિંગ બોર્ડના એક મકાનમાં ચાલતા કુટણખાના પર AHTUની ટીમે દરોડો પાડી ત્રણ મહિલાઓને મુક્ત કરાવી હતી, જ્યારે ત્યાં બાળમજૂરી કરતા બે સગીર બાળકોનું પણ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, શહેર પોલીસ કમિશનર તથા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ AHTU સેલના પીઆઈ એમ.બી. શેરગીલે બાતમીના આધારે પાંડેસરા હાઉસિંગ બોર્ડમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન અહીં દેહવ્યાપારનું ગેરકાયદેસર ધંધો ચાલતો હોવાનું સામે આવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે અમિત ઉર્ફે રાજુ, અનિકેત રાજપૂત અને અંકુર પટેલ નામના શખસો મળીને ગ્રાહકોને બોલાવી મહિલાઓ પાસેથી દેહવ્યાપાર કરાવતા હતા અને તેના બદલામાં કમિશન મેળવી આર્થિક લાભ ઉઠાવતા હતા. આ ઉપરાંત કુટણખાનામાં હાજર મળી આવેલા અક્ષય છોટુભાઈ મહતો અને વિજયકુમાર રાજેન્દ્રકુમાર ડાહિયાને દૈનિક કામકાજ માટે નોકરી પર રાખવામાં આવ્યા હતા.

દરોડા દરમિયાન ત્રણ ભારતીય મહિલાઓને દેહવ્યાપારના ચુંગાલમાંથી મુક્ત કરાવવામાં આવી હતી. સાથે જ બે સગીર વયના બાળકો પાસેથી બાળમજૂરી કરાવવામાં આવતી હોવાનું સામે આવતા તેમનું પણ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. બંને સગીર બાળકોને કતારગામ સ્થિત વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ ખાતે ચાઈલ્ડ વેલફેર કમિટીને સોંપવામાં આવ્યા છે.

પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 66,500નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.હજાર મળી આવેલ વિજય અને અક્ષયની ધરપકડ કરી હતી.જોકે, દરોડા સમયે મુખ્ય સંચાલકો અમિત ઉર્ફે રાજુ, અનિકેત રાજપૂત અને અંકુર પટેલ હાજર મળી આવ્યા ન હતા.

પાલનપુર પાટિયા ખાતે જર્જરિત બિલ્ડિંગનું છજ્જુ ધરાશાયી

કાટમાળ નીચે ત્રણ ટુ-વ્હીલર દબાયાં

સુરતઃ પાલનપુર પાટિયા વિસ્તારમાં આવેલી કૃષ્ણકુંજ સોસાયટીમાં બુધવારે સાંજે એક જર્જરિત લો-રાઈઝ બિલ્ડિંગના ત્રીજા માળના છજ્જાનો ભાગ અચાનક ધડાકાભેર ધરાશાયી થતાં વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટના સમયે મોટો અવાજ થતાં આસપાસના રહેવાસીઓ ભયભીત થઈ બહાર દોડી આવ્યા હતા. જો કે, સદનસીબે આ ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા પહોંચી નહોતી અને જાનહાનિ પણ ટળી હતી.

મળતી માહિતી મુજબ કૃષ્ણકુંજ સોસાયટીમાં આવેલા ત્રણ માળના બિલ્ડિંગના ત્રીજા માળનો છજ્જો અચાનક તૂટી પડ્યો હતો. છજ્જાનો કાટમાળ સીધો બિલ્ડિંગની નીચે પાર્ક કરાયેલાં વાહનો પર પડતાં ત્રણ ટુ-વ્હીલર વાહનોને નુકસાન થયું હતું. કાટમાળના ભારને કારણે વાહનો દબાઈ ગયાં હતાં. ઘટનાના પગલે સ્થળ પર લોકોનાં ટોળેટોળાં એકત્ર થઈ ગયાં હતાં. ઘટનાની જાણ થતાં જ ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી.

ફાયર સબ ઓફિસર ધવલ મોહિતેએ જણાવ્યું હતું કે, સંબંધિત બિલ્ડિંગ લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતું. બિલ્ડિંગની નબળી સ્થિતિને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા અગાઉથી જ નોટિસ આપવામાં આવી હતી. જેના પગલે સમગ્ર બિલ્ડિંગ ખાલી કરાવવામાં આવ્યું હતું અને ત્યાં કોઈ રહેતું નહોતું. તેથી મોટી દુર્ઘટના ટળી હોવાનું માનવામાં આવે છે.

BRTS રૂટમાં એક બસ બંધ પડતાં બીજી છ પણ અટકી પડી

સોસિયો સર્કલ પાસે એક બસની ખામીએ આખો રૂટ ખોરવ્યો

મુસાફરોને રાહ જોવાની ફરજ પડી, ભીડભાડ વચ્ચે કરવી પડી મુસાફરી

સુરત : શહેરની જાહેર પરિવહનની મુખ્ય કડી ગણાતી બી.આર.ટી.એસ. સેવાને સોમવારે સોસિયો સર્કલ વિસ્તારમાં અચાનક બ્રેક લાગી હતી. રૂટ પર દોડી રહેલી એક બસ ટેકનિકલ ખામીના કારણે વચ્ચે જ બંધ પડી જતાં સમગ્ર કોરિડોરમાં બસ વ્યવહાર ખોરવાઈ ગયો હતો. બસ માટે અલગ કોરિડોરની વ્યવસ્થા હોવાને કારણે પાછળથી આવતી અન્ય બસોને આગળ નીકળવાનો કોઈ માર્ગ ન મળતા કુલ છ બસો લાંબા સમય સુધી અટવાઈ રહી હતી.

મળતી માહિતી મુજબ સોસિયો સર્કલ નજીક દોડી રહેલી બી.આર.ટી.એસ. બસ અચાનક બંધ પડી ગઈ હતી. તેના કારણે પાછળથી આવતી બસોની લાંબી કતાર લાગી ગઈ હતી અને સમગ્ર રૂટ પર પરિવહન વ્યવસ્થા પ્રભાવિત થઈ હતી. ઘટનાના પગલે અનેક મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થળે પહોંચવામાં વિલંબ થયો હતો. બસો અટકી જતાં મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. કેટલાક મુસાફરો બસમાંથી નીચે ઉતરી અન્ય બસોની રાહ જોતા જોવા મળ્યા હતા, જ્યારે કેટલાકને લાંબા સમય સુધી બસમાં જ રાહ જોવી પડી હતી. ઓફિસ જતાં કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને રોજિંદા મુસાફરોને સૌથી વધુ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.પછીથી બસ વ્યવહાર ફરી શરૂ થતાં પહેલેથી જ એકત્ર થયેલા મુસાફરોના કારણે અન્ય બસોમાં ભારે ભીડ જોવા મળી હતી. મુસાફરોને બેઠકો તો દૂર, ઊભા રહેવા માટે પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

પાર્લે પોઈન્ટ ખાતે પાર્ક કરેલી મોપેડમાં આગ

સુરતઃ શહેરના પાર્લે પોઈન્ટ વિસ્તારમાં કોર્ટ બિલ્ડિંગ નજીક આજે સવારે પાર્ક કરેલી એક્ટિવા મોપેડમાં અચાનક આગ લાગતા આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ ન હતી, પરંતુ મોપેડનો મોટો ભાગ આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. માહિતી મુજબ, એક્ટિવાના માલિક ઉદય શાહ સવારે આશરે 9 વાગ્યે પોતાની મોપેડ કોર્ટ બિલ્ડિંગ પાસે પાર્ક કરીને નજીકના દેરાસરમાં દર્શન કરવા ગયા હતા. તે દરમિયાન પાર્ક કરેલી મોપેડમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો હતો અને થોડી જ વારમાં આગ ભડકી ઊઠી હતી. ફાયરબ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

શ્રીજી ઓટોમાર્ટ દ્વારા સ્ટાફ માટે બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

સુરતઃ દરેક સ્ટાફ સભ્યોને એક જગ્યાએ એકત્રિત કરીને એકતા ઉભી કરવા માટે શ્રીજી ઓટોમાર્ટ, સુરત દ્વારા SAPL 2026 બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈચ્છાપોર વર્કશોપ, અડાજણ વર્કશોપ, કીમ વર્કશોપના આશરે 134 જેટલા સ્ટાફ સભ્યોનો અલગ અલગ ટીમમાં સમાવેશ કરાયો હતો. દરેક ટીમના નામ ટાટાની અલગ અલગ ગાડીઓના નામ પરથી રાખવામાં આવ્યા હતા. ટુર્નામેન્ટમાં શ્રીજી ઓટોમાર્ટના એમડી મિતુલભાઈ, સીઈઓ અલ્પેશભાઈ પ્રજાપતિએ પણ હાજરી આપી હતી. ફાઇનલમાં હેરિયરની ટીમ વિજેતા બની હતી. દરેક મેચોમાં મેન ઓફ ધી મેચ, બેસ્ટ બોલર, બેસ્ટ બેસ્ટમેન ,બેસ્ટ ફિલ્ડર, અને વિજેતાઓને ટ્રોફી આપી હતી. શ્રીજી ઓટો માર્ટ દ્વારા અંતમાં ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સૂરત પીપલ્સ બેંક દ્વારા વૃક્ષારોપણ કરાયું

સુરતઃ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેંક લિ. દ્વારા તા. 7 જૂન, 2026ના રોજ અલથાણ, બાયોડાયવર્સિટી પાર્ક ખાતે સૂરત વન ફાઉન્ડેશનના સહયોગથી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 300 રોપાનું વાવેતર કરાયું હતું. આ કાર્યક્રમમાં બેંકના ચેરમેન અમિત ગજ્જર, બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો, મેનેજિંગ ડિરેક્ટર કલ્પેશ શાહ, બેંકના અધિકારીઓ તથા કર્મચારીઓ તેમજ બેંકના પ્રતિષ્ઠિત ગ્રાહકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ પર્યાવરણના જતન, વૃક્ષ સંવર્ધન અને સ્વચ્છ તથા હરિયાળા ભવિષ્યના નિર્માણ માટે સંકલ્પ પણ લીધો હતો. આ પ્રસંગે ચેરમેન અમિત ગજ્જરે જણાવ્યું હતું કે, વૃક્ષોનું સંવર્ધન એ માત્ર સામાજિક જવાબદારી જ નહીં પરંતુ આવનારી પેઢી પ્રત્યેની આપણી ફરજ છે.' મેનેજિંગ ડિરેક્ટર કલ્પેશ શાહે જણાવ્યું હતું કે, 'ગ્રીન બેંકિંગના અભિગમ સાથે ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેંક લિ. પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓને સતત પ્રોત્સાહન આપતી રહી છે'

ઉત્કર્ષ ડાન્સ એકેડમીની 23 નૃત્યાંગના બેલ્જિયમમાં પ્રતિનિધિત્વ કરશે



સુરતઃ ઉત્કર્ષ ડાન્સ એકેડમીના ફાઉન્ડર અને ડીરેક્ટર બેહનાઝ એસ. તોડીવાલાના નેજા હેઠળ ઉત્કર્ષની ૧૫ વર્ષથી ઉપરની વયની ૨૩ ટેલેન્ટેડ નૃત્યાંગનાઓ ભારતનું પ્રતિનિધિત્વ કરવા 'ASBL Festifolk Festival Mondial de Folklore de la Ville de Saint-Ghislain, Festival reconnu par le CIOFF (UNESCO), 40 me Edition - Le monde est ma tribu' બેલ્જિઅમ ખાતે તા.૧૬થી ૨૬ જુન સુધી જશે. આ ડાન્સ ફેસ્ટિવલ ખાતે ૧૩ દેશો ભાગ લેવાના છે. જેમાં ભારતમાંથી ઉત્કર્ષ ડાન્સ એકેડેમીની પસંદગી કરવામાં આવી છે.

કુરુક્ષેત્ર રામ કથામાં સીતારામ વિવાહનું ભાવદર્શન

સુરત : તાપીકિનારે કુરુક્ષેત્રધામમાં ચાલી રહેલી પ્રફુલભાઇ શુક્લની રામ કથામાં બુધવારે સીતારામ વિવાહના ભાવદર્શન સાથેનો ઉત્સવ રંગે ચંગે ઉજવાયો હતો, અજયભાઇ ગાંધી દશરથજી બનીને રામની જાન લઇને આવ્યા હતા,રાજુભાઇ કોસાડે જનકરાજા બનીને કન્યાદાન કર્યું હતું, કૃણાલભાઇ પટેલ અને અંકિતાબેન પટેલ આબેહૂબ સીતારામ બન્યા હતા. કથાકાર પ્રફુલભાઇ શુક્લએ કહ્યું હતું કે સીતારામનો વિવાહ જીવ અને ઈશ્વરનું મિલન છે. આ પ્રસંગે પૂર્વ આરટીઓ ઓફિસર મહેશભાઈ ભારતીએ એક લાખ, સરોલી ગામ સમસ્ત ટ્રસ્ટ તરફથી એક લાખ રૂપિયા , સ્વ. ડાહીબેન શાંતિલાલ પટેલ તથા સ્વ. શાંતિલાલ લલ્લુભાઇ પટેલનાં સ્મણાર્થે તેમના પરિવાર તરફથી એક લાખ રૂપિયા, સુખદેવભાઇ પટેલ કોસાડ તરફથી એકાવન હજાર રૂપિયા , નરેશભાઇ દુલર્ભભાઇ પટેલ તરફથી એક્વીસ હજાર તથા કન્યાદાન વખતે મળેલ રૂપીયા સોળ હજાર પ્રફુલ્લભાઇ શુકલ તરફથી કુરૂક્ષેત્ર સ્મશાનભુમિ ટ્રસ્ટને દાન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ ના પ્રમુખ કમલેશભાઇ સેલર દ્વારા દાતાઓ ઉપરાંત કોસંબા વલસાડથી કથા શ્રવણ કરવા આવેલા દિલીપભાઇ ટન્ડેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આચાર્ય ભાવેશભાઇ જોષી, લોકગાયક દિપક બારોટે મૅંગળાસ્તક મન્ત્ર ઉચ્ચાર કર્યા હતા.

પ્રભુના હૈયામાં આપણું સ્થાન થાય એ તો દુર્લભ ઘટના છે: પદ્મદર્શનસૂરિજી

મુંબઇ: મુંબઇ-મુલુંડના ઝવેરરોડ સ્થિત શ્રી વાસુપૂજ્ય સ્વામી શ્વે.મૂ.પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન પધરામણી થઇ હતી. આજથી 35 વર્ષ અગાઉ પૂજ્યનું શાસનપ્રભાવક ચાતુર્માસ થયું હતું. તે વર્ષે શાલિભદ્રના ભંડારનો એક ઐતિહાસિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. સાધારણ દ્રવ્યની ઉપજ માટે સમગ્ર ભારતવર્ષમાં પ્રથમ વાર આ કાર્યક્રમ યોજાયો હતો. ત્યારથી આજ દિવસ સુધી આ શાલિભદ્રનો ભંડાર સર્વત્ર સુપ્રસિદ્ધ બન્યો છે. આ.પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મપ્રેમી શ્રોતાઓ સમક્ષ જણાવ્યું હતું કે, પ્રભુના હૈયામાં આપણું સ્થાન થાય એ તો દુર્લભ ઘટના છે, આપણા હૈયામાં પ્રભુની પ્રતિષ્ઠા થાય તે પણ અદ્ભુત ઘટના છે. હોઠમાં પ્રભુ હોય તે સામાન્ય ઘટના છે પણ હૈયામાં પ્રભુ હોય તે વિરલ ઘટના ગણાય.

સુરતના ડૉ. પંકજ ગાંધીને સિંગાપોરની સાયન્સ કોન્ફરન્સમાં વક્તા તરીકે આમંત્રણ

સુરતઃ સુરત માટે ગૌરવની વધુ એક ક્ષણ સર્જાઈ છે. આગામી 18થી 20 માર્ચ, 2027 દરમિયાન સિંગાપોરમાં યોજાનારી વિશ્વપ્રસિદ્ધ '10મી ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન મટીરીયલ્સ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ (Materials 2027)'માં સુરતના જાણીતા શિક્ષણવિદ અને સંશોધક ડો. પંકજ જે. ગાંધીને મુખ્ય વક્તા તરીકે સત્તાવાર આમંત્રણ મળ્યું છે. ડો. ગાંધી કોન્ફરન્સમાં મેડિકલ, ટેક્સટાઇલ અને એગ્રીકલ્ચર એન્જિનિયરિંગ ક્ષેત્રમાં અદ્યતન મટિરીયલ્સ સાયન્સના સંશોધન અવકાશ અંગે પોતાના વિચારો રજૂ કરશે.